1. રાણા સંગ્રામસિહે કઈ કઈ લડાઈમાં ભાગ લીધો હતો?

- ગોહિલ વંશના રાણા કુંભાનો પૌત્ર રાણા સંગ્રામસિંહ રાણા સાંગા શૌર્યવાન રાજા હતો. તે અનેક લડાઈ લડ્યો હતો. લડાઈ દરમિયાન તેણે એક પગ અને એક આંખ ગુમાવ્યા હતા. તેના શરીર પર લડાઈ દરમિયાન જુદાં જુદાં શસ્ત્રોથી થયેલા આશરે 80 ઘા હતા . તેણે માળવા, ગુજરાત અને દિલ્લીના સલતાનો સાથે યુદ્ધો કર્યો હતા. તે દરેક યુદ્ધમાં વિજયી બન્યો હતો. તે તેના પરાક્રમોના કારણે રાજસ્થાનના તમામ રાજપૂતોનો નેતા ગણાતો. રાણા સંગ્રામસિંહે બાબરને રાજપૂત રાજાઓનો સંઘ બનાવીને પડકાર આપ્યો હતો. બાબર સામેની ખાનવા (કાન્હવા)ની લડાઈમાં રાણા સંગ્રામસિંહનો પરાજય થયો હતો.

2. ચોલ સામ્રાજ્યના શાસકો વિશે નોંધ લખો.

- ચોલ રાજ્ય દક્ષિણ ભારતમાં વર્તમાન તંજાવુર અને તિરુચ્ચિરાપલ્લીના પ્રદેશમાં આવેલું હતું. તેની રાજધાની પ્રથમ ઉરેપુર, પછી કાવેરીપટ્ટનમ અને છેલ્લે તંજાવુર હતી. ચોલ સામ્રાજ્ય ઈ. સ. 850થી 1270 સુધી ભારતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવતું હતું. કૃષ્ણા નદીથી કન્યાકુમારી સુધીના પ્રદેશમાં પાંડય , ચેર અને ચોલ એમ મુખ્ય ત્રણ રાજ્યો હતાં. આ ત્રણેય રાજ્યો વચ્ચે અવાર-નવાર યુદ્ધો થતાં હતાં. ત્રીજી અને ચોથી સદીમાં પાંડ્ય અને ચેરવંશી રાજાઓના ઉત્કર્ષને લીધે ચોલવંશ પતનની નજીક આવી ગયો. નવમી સદીમાં પલ્લવોની શક્તિ નબળી પડતાં ફરી એક વાર ચોલ રાજવી વિજયપાલના પ્રયત્નથી ચોલવંશી રાજાઓનો ઉત્કર્ષ થયો. તેણે તંજાવુરને રાજધાની બનાવી. આ સમયે થઈ ગયેલા ચોલ રાજાઓમાં આદિત્ય પ્રથમ, પરાત્તક પ્રથમ, રાજરાજ પ્રથમ, રાજેન્દ્ર દ્વિતીય, વીર રાજેન્દ્ર અને કલોતુંગ પ્રથમ મુખ્ય છે.
- રાજરાજ પ્રથમે મૈસૂરના ગંગ, મદ્રાના પાંચ તેમજ વૃંગીના ચાલુક્ય રાજાઓને પરાજય આપીને ચોલ સામ્રાજ્યનો વિસ્તાર વધાર્યો હતો. તેની પાસે શક્તિશાળી નૌકાસૈન્ય પણ હતું. તેની મદદથી તેણે સિંહલદ્વીપ (શ્રીલંકા) પર વિજય મેળવ્યો હતો. તેણે રાજધાની તંજાવુરમાં પોતાના નામ પરથી રાજરાજેશ્વરને ભવ્ય શિવમંદિર (હાલનું બૃહદેશ્વરનું મંદિર) બંધાવ્યું હતું. તેની દીવાલો પરે તેના વિક્રમોની નોધ કરવામાં આવી હતી. તેવો તંજાવુરમાં 'ગંગેકોન્ડ ચોલપુર' નામનું વિશાળ મંદિર તથા રાજમહેલ પણ બંધાવ્યો હતો.
- રાજરાજ પ્રથમના અવસાન પછી તેનો પુત્ર રાજેન્દ્ર પ્રથમ સતા પર આવ્યો તે પણ પિતા જેવો જ પરાક્રમી હતો. તેણે ઓડીશા અને બંગાળ તરફ આગળ વધીને ગંગા નદી નાં પ્રદેશો જીત્યા હતા. આ વિજયોની સ્મૃતિમાં તેણે 'ગંગે કોન્ડ'નું બિરુદ ધારણ કર્યું હતું. ચોલવંશનો અન્ય રાજવી કરિકાલ પ્રખર વિજેતા અને શ્રેષ્ઠ વહીવટકર્તા હતો. તેણે પાંડવ તેમજ ચેર (કેરલ) રાજ્યો પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું હતું. આ વંશના અંતિમ રાજવી રાજેન્દ્ર ત્રીજાને પાંડ્ય રાજાઓએ ચોલસત્તાનો અંત આણ્યો.

3. બંગાળના પાલશાસકો વિશે નોંધ તૈયાર કરો.

- આઠમી સદીમાં ગોપાલ નામના એક બળવાન સરદારે બંગાળમાં રાજકીય એક્તા સ્થાપી. ધર્મપાલના ખાલિમપુર અભિલેખ અનુસાર સામાન્ય જનતાએ અરાજકતામાંથી રાહત મેળવવા ગોપાલ(ઈ. સ. 750થી 770) ને રાજા બનાવ્યો. તેના નામ પરથી 'પાસ' વંશની સ્થાપના થઈ. તેણે રાજ્યમાં શાંતિ સ્થાપી. તેના સમયમાં બંગાળ સાહિત્ય, સંસ્કાર, કલા અને સમૃદ્ધિમાં આગળપડતું રાજ્ય બન્યું. ગોપાલે નાલંદામાં એક 'વિહાર'ની સ્થાપના કરી. તેના ઉત્તરાધિકારી તરીકે તેનો પુત્ર ધર્મપાલ રાજા બન્યો. કનોજના ત્રિપક્ષીય સંઘર્ષમાં પ્રતિહાર શાસક

વત્સરાજ અને રાષ્ટ્ર કૂટ શાસક ધ્રુવે ધર્મપાલને પરાજય આપ્યો. મુંગેર પાસે પ્રતિહાર શાસક નાગભટ્ટ બીજાએ પણ ધર્મપાલને પરાજય આપ્યો હતો.

➢ ધર્મપાલ પછી દેવપાલ રાજગાદીએ આવ્યો. દેવપાલ પોતાની રાજધાની પાટલિપુત્રથી મુંગેર લઈ ગયો. દેવપાલે પોતાના રાજ્યની શાસનવ્યવસ્થામાં દર્ભપાણી આ કેદારમિશ્ર નામના બે મંત્રીઓની મદદ લીધી હતી. દેવપાલ પછી વિગ્રહપાલ પ્રથમ, નારાયણપાલ, રાજપાલ વગેરે શાસકો થઈ ગયા.. મહિપાલ પ્રથમ સત્તા પર આવ્યો. જેને પાલવંશનો બીજો સ્વામી કહેવામાં આવે છે. રાજેન્દ્ર ચોલે મહિપાલ પ્રથમને પરાજય આપ્યો હતો. દક્ષિણ પશ્ચિમ બંગાળમાં 'રપૂર' નામની સ્થાનિક જાતિ અને પૂર્વ બંગાળ માં 'ચંદ્ર' નામનો સ્થાનિક શાસક સ્વતંત્ર થયા. પાલવંશ નો અંતિમ શાસક મદનપાલ હતો.

4. રાષ્ટ્રકૂટ રાજાઓનુ સાસ્કૃતિક ક્ષેત્રે પ્રદાન જણાવો.

➢ રાષ્ટ્રકૂટ રાજાઓ બ્રાહ્મણધર્મ હતા. આથી તેમના સમયમાં દષણમાં હિન્દુ ધર્મનો વ્યાપક પ્રચાર થયો. સમ્રાટ દૈતિદુર્ગે અનેક હિન્દુ મંદિરો બંધાવ્યાં હતાં. કૃષ્ણરાજ પ્રથમ ઈલોરાની ગુફાનંબર 16માં બંધાયેલ કૈલાસ મંદિર આ રાજાની અનુપમ કલાસિદ્ધિ છે. એક જ શિલામાથી બનાવેલું કેલાસ મંદિર અભુત છે. રાજા અમોઘવર્ષે જૈન ધર્મને અને ખાસ કરીને દિગંબર સંપ્રદાયને વિશેષ ઉત્તેજન પૂરું પાડ્યું હતું. જૈન ગ્રંથ 'ઉત્તર પુરાણ'માં જણાવ્યા અનુસાર તે જૈન આચાર્ય જિનસેનનો શિષ્ય બન્યો હતો. રાષ્ટ્રક્ટોના શાસન દરમિયાન શિક્ષણનો સારો વિકાસ થયો હતો. રાજા અને શ્રીમંતો શિક્ષણસંસ્થાઓને સારું દાન આપતા હતા. આ રાજાઓએ બનાવેલા કનેરીના બોદ્ધ વિહારમાં એક વિદ્યાલય અને એક મોટું પુસ્તકાલય હતાં.

➢ વિદ્યાર્થીઓ માટે 27 જેટલાં છાત્રાલયો હતાં. દેશવિદેશના વિદ્યાર્થીઓને અહી વિદ્વાન આચાર્યો દ્વારા શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ વિદ્યાલયના આચાર્યને 60 એકર જમીનની આવક વેતન રૂપે અને ઘણી બધી જમીનની આવક વિદ્યાલયના નિભાવ માટે આપવામાં આવતી હતી. આ સમયમાં વાતાપિ, પૈઠણ વગેરે કેળવણીનાં મહત્ત્વનાં કેન્દ્રો હતા. શિક્ષણની સાથે સાહિત્યનો પણ વિકાસ થયો હતો. રાજાઓ કવિઓ અને લેખકોના રમાશ્રયદાતાનો હતો. તેમણે સાહિત્યલેખનને વેગ આપ્યો હતો. અમોઘવર્ષ પોતે સાહિત્યકાર હતો. તેણે કન્નડ ભાષામાં રચેલ ગ્રંથ કીવરાજ માર્ગ તેનું ઉત્કૃષ્ટ દષ્ટાંત છે. તેના ગુરુ જિનસેને 'હરિવંશપરાણા' નામનો પ્રસિદ્ધ ગ્રંથ રચ્યો હતો. તેના જૈન ગુરૂ, જિનસેન હરિવંશ પુરાણ નામનો પ્રસિધ્ધ ગ્રંથ રચ્યો હતો. શ્રીધરે 'ગણિતસાર' નામની કૃતિની રચના કરી હતી.

➢ ઈન્દ્ર તૃતીયના સમયમાં ત્રિવિક્રમ ભટ્ટ નલચમ્પ (નળ-દમયંતીની કથા) ની રચના કરી હતી. તે યુગના કન્ડડ ભાષાના શ્રેષ્ઠ કવિ પંપ પ્રથમે આદિપુરાણ અને કવિ પોનનેને એ તેલુગુ ભાષામાં અનેક સાહિત્યરચનાઓ કરી હતી. ક્રુષ્ણરાજ પ્રથમના સમયમાં દખણમાં ઈસ્લામ ધર્મનો પ્રવેશ થયો હતો. આ રાજાઓ ધર્મસહિપણુતા અને ઉદાત્ત ભાવનાને કારણે દખણમાં પ્રથમ મસ્જિદ બંધાઈ હતી. આમ, રાષ્ટ્રક્ટ રાજાઓ ક્લા-સ્થાપત્ય અને વિદ્વત્તાના પૌષક અને પારખુ હતા. આથી જે ડૉ. એ.પી. મદનું જણાવે છે કે, રાષ્ટ્રટે રાજ્યશાશન હેઠળનું દાખલ ભારત ને વાસ્તવમાં પ્રાચીન ભારતીય ઈતિહાસનું એક અતિ તેજસ્વી પ્રકરણ બની રહે છે.

## 5. વાસ્કો-દ-ગામાના ભારત આગમન પર નોંધ લખો.

- મધ્યયુગ દરમિયાન યુરોપના દેશોમાં ભારતની ચીજ - વસ્તુઓની પુષ્કળ માંગ હતી. ભારત જમીનમાર્ગે તથા દરિયાઈ માર્ગે યુરોપના દેશો સાથે મોટા પ્રમાણમાં વેપાર કરતું હતું. ઈ. સ. 1453માં તુર્કોએ કોન્સેન્ટિનોપલ (ઇસ્તંબૂલ) બંદર જીતી લેતાં યુરોપના દેશોનો ભારત સાથેનો વેપારીમાર્ગ બંધ થઈ ગયો. આથી તેમને નવો માર્ગ શોધવાની ફરજ પડી. નવો જળમાર્ગ શોધવાની શરૂઆત પોર્ટુગીઝો (ફિરંગીઓ)એ કરી .
- વાસ્કો-દ-ગામા નામનો ફિરંગી નાવિક કેપ ઓફ ગુડ હોપ થી આગળ વધીને મોઝામ્બિક બંદરે પહોંચ્યો. અહી તેને ભારતીય ખલાસી કાનજી માલમ અને અહમદઈબન-મજીદ મળ્યાં. તેમની મદદથી હિન્દ મહાસાગર પસાર કરી મે, 1498માં તે કાલી કટ બંદરે પહોંચ્યો. કાલીકટ(મલબાર)માં સામુદ્રિક (ઝામોરિન) નામનો હિન્દુ રાજા રાજ્ય કરતો હતો. વાસ્કો-દ-ગામાએ આ રાજા પાસે પોગલ રાજાનાં ઓળખપત્રો રજૂ કરી પોર્ટુગીઝોને વેપાર કરવાની પરવાનગી માગી .આમ, ભારતમાં પ્રથમ યુરોપીય પ્રજાનો પ્રવેશ થયો.

## 6. શાકંભરીના ચૌહાણ રાજાઓએ રાજપૂત યુગના ઈતિહાસમાં ભજવેલ ભૂમિકા સ્પષ્ટ કરો.

- આઠમી નવમી સદીમાં રાજસ્થાનમાં આવેલા શાકંભરી (અજમેર)માં ચોહાણ (ચાહમાનો) કુળના રાજપૂતોએ રાજ્ય સ્થાપ્યું હતું. તેઓ ગુર્જર-પ્રતિહાર રાજાઓના સામંતો હતા અને ગુજરાત તથા રાજપૂતાનાના પ્રદેશો પર રાજ્ય કરતા હતા. પ્રતિહાર રાજાઓ નબળા પડતા તેઓ સ્વતંત્ર બન્યા. શાકંભરી (હાલમાં રાજસ્થાન રાજ્યમાં આવેલું સાંભર) તેમની રાજધાની હતી. શાકંભરીના આ ચૌહાણ રાજાઓએ અગિયારમી સદીમાં સુલતાન મહેમુદ ગઝનવીનાં આક્રમણોનો વીરતાપૂર્વક સામનો કર્યો હતો. બારમી સદીમાં મા વંશમાં થયેલા અજયરાજ નામના રાજાએ અજય- મેરુ' (અજમેર) શહેર વસાવ્યું હતું. તેણે મને તેના પુત્ર અર્ણોરાજે ચીપાણોની સત્તા વધારી હતી. ગુજરાતના સોલંકીવંશના રાજા સિદ્ધરાજ જયસિંહે પોતાની રાજકુવરી કાંચનદેવીનાં લગ્ન પરાજ સાથે કર્યા હતા. અર્ણોરાજના અવસાન પછી તેના પુત્ર સોમેશ્વરને રાજગાદી મળી.
- સોમેમાર પાછી તેના પુત્ર પૃથ્વીરાજે રાજસત્તા સંભાળી. પથ્વીરાજ ચૌહાણ શા કેમરીના ચોકાણોમાં સૌથી મહાન અને પ્રતિભાશાળી રાજા હતો. તેના રાજકવિ ચંદ બરાઈએ 'પૃથ્વીરાજ રાસો'માં પૃથ્વીરાજ ચૌહાણનાં પરાક્રમોનું વર્ણન કરી તેને 'ઉત્તર ભારતના છેલ્લા મહાન હિન્દુ સમ્રાટ' તરીકે બિરદાવ્યો છે . પૃથ્વીરાજ ચૌહાણના સમય (ઈ. સ. 1191)માં મોહમ્મદ ઘોરીએ ભારત પર આકમણ કર્યું. તરાઈના મેદાનમાં બંને વચ્ચે ખૂનખારે યુદ્ધ થયું. જેમાં મોહમ્મદ ઘોરીનો પરાજય થયો. ઈ. સ. 192માં મોહમ્મદ ઘોરી પોતાના પરાજયનો બદલો લેવા મારે લશ્કરી તેયારીઓ સાથે ભારત પર ચઢી આવ્યો, એ જ તરાઈના મેદાનમાં બીજી વાર ખૂનખાર યુદ્ધ થયું. પોતાના અંગત રંગરાગ અને આંતરકલહને લીધે રાજપૂતો એક થઈ શક્યા નહિ કે તેમણે પૃથ્વીરાજને મદદ પણ કરી નહિ. પરિણામે પૃથ્વીરાજ યુદ્ધમાં હાર્યો અને મૃત્યુ પામ્યો.
- આમ, અજમેરની રાજસત્તા મુસ્લિમોના હાથમાં ગઈ. રણથંભોરમાં ચોહાણવંશનો છેલ્લો પરાક્રમી રાજા હમ્મીરદેવ રાજ કરતો હતો. તેણે દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખલજીના બળવાખોર સરદારને આશરો આપવાની ભૂલ કરી. પરિણામે અલાઉદ્દીને રણથંભોર પર આક્રમણ કર્યું. હમ્મીરદેવ યુદ્ધમાં માર્યો ગયો, અલાઉદ્દીને રણથંભોર કબજે કર્યું. આમ, ચૌદમી સદીના પ્રારંભિક સમયે અજમેર, રણથંભોર અને સીમાવર્તી પ્રદેશ પરની ચોહાણ રાજસત્તાનો અંત આવ્યો.

## 7."ગુજરાતના સોલંકી રાજાઓના સમયને સફળ શાસનકાળ ગણવામાં આવે છે." શા માટે?

- સોલંકીઓનો શાસનકાળ ગુજરાતનો સુવર્ણયુગ કહેવાય છે. સોલંકીઓ પહેલાં ગુજરાતમાં ચાવડાવંશના રાજાઓનું શાસન હતું. સોલંકીવંશના સ્થાપક મૂળરાજ સોલંકીએ અંતિમ ચાવડા રાજા સામંતસિંહને હરાવીને ગાદી પ્રાપ્ત કરી હતી. મુળરાજ ઘણો પ્રતાપી રાજા હતો. તેણે તે સમયના રાષ્ટ્રકૂટો અને પ્રતિહારોના સંઘર્ષનો લાભ લઈને સરસ્વતી નદીને કિનારે આવેલા સારસ્વતમંડળને જીની અણહિલપાટક(પાટણ)ને પોતાની રાજધાની બનાવી. તેને લાટમંડળ (વર્તમાન ભરૂચ અને સુરત જિલ્લા)ના રાજા પઢિરપ)ને પરાજય આપી તેના રાજ્યને પોતાના રાજ્યમાં જોડી દીધું. મૂળરાજે પોરના બાહુબળ વડે સોલંકી રાજય નો પાયો નાખ્યો અને તેને ટકાવી રાખ્યું. મૂળરાજ પાછી ચામુંડરાજ,વલ્લભરાજ અને દુર્લભરાજ ગાદી એ આવ્યા.
- દુર્લભરાજ પછી ઈ. સ. 1020માં ભીમદેવ પ્રથમ નામે પરાક્રમી રાજા ગાદીએ આવ્યો. તેના શાસનકાળ દરમિયાન ઈ. સ. 1025માં મહમૂદ ગઝનવી એ ગુજરાત પર આક્રમણ કર્યું. ગુજરાતનું પાટનગર પાટણ લૂંટાયું અને સોમનાથ મંદિર નો બચાવ કરનારા 50,000 યોદ્ધાઓનો પરાજય કરીને મહમૂદ ગઝનવી એ સોમનાથનું મંદિર લૂંટ્યું. ભીમદેવે સોમનાથના મંદિરને ફરીથી બંધાવ્યું અને પાટણને સ્મૃધ્ધ બનાવ્યું. તેણે આબુના પરમાર રાજાઓને પરાજય આપીને તેમના પ્રદેશો જીતી લીધા હતા. ભીમદેવ પછી તેનો પુત્ર કર્ણદેવ પ્રથમ ઈ. સ. 1064માં સતા પર આવ્યો. તેનો 30 વર્ષના શાસનકાળ શાંતિ અને સમૃદ્ધિનો હતો. તેણે આશાવલ (અમદાવાદ) ખાતે સાબરમતી નદીના કિનારે 'કર્ણાવતી' નામનું નવું પાટનગર બંધાવ્યું. તેણે કદંબવંશના રાજ્યની રાજકુમારી મયણલ્લાદેવી (મીનળદેવી) સાથે લગ્ન કર્યા. તેનો પુત્ર જયસિંહે સમય જતાં સિદ્ધરાજ જયસિંહના નામે પ્રખ્યાત થયો. સિદ્ધરાજ જયસિંહ (ઈ. સ. 1094થી 1142) પાટણના સોલંકી રાજાઓમાં સર્વશ્રેષ્ઠ રાજા ગણાય છે.
- તેના સમયમાં ગુજરાતના સોલંકીઓની સત્તા સર્વોચ્ચ કક્ષાએ પહોંચી. તે મહાન વિજેતા અને પરાક્રમી રાજા હતો. તેણે સૌરાષ્ટ્રના આભીર શાસક રાનવઘણને, માળવાના પરમાર રાજા યશોવર્માને, ભિન્નમાલના પરમાર રાજવીરોને, શાકંભરીનાં ચૌહાણોને અને ચંદેલરાજા મદનવમનને પરાજય આપી સોલકી રાજ્યની સીમાં ખૂબ વિસ્તારી હતી. સિદ્ધરાજ પછી ઈ. સ. 143માં કુમારપાળ રાજગાદીએ આવ્યો. તે પણ પરાક્રમી રાજા હતો. તેણે શાકંભરીના ચૌહાણો, માળવા અને આબુના પરમાર તથા ઉત્તર કોંકણના શિલહાર રાજાઓને હરાવ્યા હતા. તેના સમયમાં ગુજરાતના સામ્રાજ્યનો વિસ્તાર સૌથી વધુ હતો.
- કુમારપાળ પછી એના ભાઈ મહિપાલનો પુત્ર અજયપાળ ગાદીએ આવ્યો. અજયપાળ પછી તેનો પુત્ર મુળરાજ દ્વિતીય ગાદીએ આવ્યો. તેણે મુહમ્મદ ઘોરીના લશ્કરને પરાજય આપ્યો હતો. ત્યારપછી તેનો ભાઈ ભીમદેવ દ્વિતીય પાટણની ગાદી પર આવ્યો. તે સોલંકીવંશનો છેલ્લો મહાન રાજા હતો. તેના 63 વર્ષના શાસનકાળ દરમિયાન તેના વફાદાર સામત લવણપ્રસાદ અને તેના પુત્ર વિરધવલે ગુજરાત ની જાહોજલાલી ટકાવી રાખવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. વીરધવલના મંત્રીઓ વસ્તપાલ અને તેજપાલે ગુજરાતની જાહોજલાલી વધારી અને સોલંકીવંશની ઘટતી જતી સત્તા તથા પ્રતિષ્ઠાને ટકાવી રાખી.
- લવણપ્રસાદનો પુત્ર વિરધવલ પણ સોલંકીવંશને વફાદાર રહ્યો. પરંતુ તેના પુત્ર વિશળદેવ સોલંકીવંશના છેલ્લા રાજા ત્રિભુવનપાલને ગાદી પરથી ઉઠાડી 'વાઘેલાવંશ'ની સ્થાપના કરી. 'વાઘેલાવંશ'ની સત્તા થોડા સમય માટે રહી. તેમણે પણ સોલંકી રાજવીઓની જેમ ગુજરાત નાં ગૌરવ અને સમૃદ્ધિ જાળવી .આ વંશના છેલ્લા રાજા

કર્ણદેવ વાઘેલા(કરણ ઘેલો) ને દિલ્લી સુલતાન અલાઉદ્દીન ખલજીના લકરે પરાજય આપ્યો અને દિલ્હીના સુલતાનોએ સત્તાની સ્થાપના કરી.

8. માળવાના પરમાર રાજાઓનું સાંસ્કૃતિક પ્રદાન નક્કી કરો.

- માળવામાં પર મારોએ રાજ્ય સ્થાપ્યું હતું. તેઓ શરૂઆતમાં માળવામાં રાષ્ટ્રકૂટોના સામંત તરીકે રાજ્ય કરતા હતી. દસમી સદીમાં રાષ્ટ્રકૂટોની સત્તા નબળી પડતાં સિયક પરમારે માળવામાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. ધારાનગરી તેની રાજધાની હતી. સિયકનો પુત્ર મુંજ (વાકપતિરાજ) ઘણો શક્તિશાળી અને પરાક્રમી હતો. તેણે પોતાના શાસનકાળ દરમિયાન મેળવેલા અનેક વિજયોને લીધે તે 'પૃથ્વીવલ્લભ' કહેવાતો હતો.
- મુંજનો સૌથી મોટો દુશ્મન હતો કલ્યાણીનો ચાલુક્ય રાજા તેલપ દ્વિતીય. મુંજે છ વાર તેને હરાવ્યો હતો. સાતમી વાર મુંજે નર્મદા નદી ઓળંગીને તૈલપ પર ચઢાઈ કરી. આ યુદ્ધમાં મુંજનો પરાજય થયો અને તે કેદ પકડાયો. મુંજનો કુરતાથી વધ કરવામાં આવ્યો. 13 નર્મદા નદી સુધીનો મુંજનો પ્રદેશ ચાલુક્ય રાજયમાં ભેળવી દિધો. માળવાના ઈતિહાસમાં એક સમર્થ લડવૈયા તરીકે તથા સાહિત્ય અને કલાના ઉપાસક તરીકે મુંજ ઘણો પ્રખ્યાત છે, મુંજ વિદ્વાન તથા વિદ્યા અને કલાનો પુજારી હતો. ધનંજય, હલાયુધ અને પદ્મગુપ્ત જેવા મહાન કવિઓ તેનો દરબાર શોભાવતા હતા.
- ધનંજયનો 'દશરૂપક' ગ્રંથ પ્રખ્યાત છે. રાજા મુંજ વિધવાનો ની કદર કરતો અને તેમને અઢળક દ્રવ્ય આપતો હતો. મુંજ રાજા પ્રજાલ્યાણકારી રાજા હતો. તેને રાજયભર અનેક તળાવો અને મંદિરો બંધાવ્યાં હતા. તેણે ધારાનગરીમાં 'મુંજસાગર' નામનું જળાશય બંધાવ્યું હતું. મુંજ પછી તેનો નાનો ભાઈ સિંધુરાજ ગાદીએ આવ્યો. તે મહાન વિજેતા હતો. તેણે પોતાના મોટા ભાઈ મુંજની હત્યા અને હારનો બદલો લેવા ચાલુકય રાજાને હરાવી ગુમાવેલા પ્રદેશો પાછા મેળવ્યા હતા અને નપસાકાસાંક નું બિરુદ મેળવ્યું હતું.
- સિંધુરાજ પછી તેનો પુત્ર મોજ ગાદીએ આવ્યો. ભોજનો શાસનકાળ યુદ્ધો અને વિજયોથી ભરપૂર છે. ભોજે કલ્યાણીના ચાલુક્યોને હરાવીને મુંજની હત્યાનું પુરેપુરું વેર લીધું. તેણે શાકંભરી નાં ચૌહાણોને પણ હરાવ્યા. તેના શાસનકાળના અંત ભાગમાં તેના બધા દુશ્મનો એ ભેગા મળીને માળવા પર હુમલો કર્યો. ભોજ તેમનો પ્રતિકાર કરી શક્યો નહિ. તેનો પરાજય થયો. શત્રુઓએ તેનું રાજ્ય અંદરોઅંદર વહેંચી લીધું. રાજા ભોજ સાહિત્ય, કલા અને વિધાનો ઉપાસક હતો.
- તે પોતે પણ વિદ્વાન હતો. તેણે જ્યોતિષશાસ્ત્ર, યોગશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર અને સ્થાપત્ય કલા પર આશરે વીસ જેટલા ગ્રંથો લખ્યા હતા. ધનપાલ જેવા સાહિત્યકારો તેનો દરબાર શોભાવતા હતા. ભોજ શૈવ ધર્મનો ઉપાસક હતો, છતાં જૈન તથા બૌદ્ધધર્મી ઓ ને પણ એવું જ માન આપતો હતો. તેણે ધારાનગરીમાં સંસ્કૃતના અભ્યાસ માટે વિદ્યાપીઠ સ્થાપી હતી. મુસલમાનોનાં આક્રમણોએ આ વિદ્યાપીઠનો નાશ કર્યો આજે પણ તેના અવશેષો 'ભોજશાલા' તરીકે પ્રખ્યાત છે. ભોજ પ્રજાકલ્યાણવાદી રાજા હતો. તેણે અનેક મંદિરો બંધાવ્યાં હતાં તથા 'ભોજપુર' નામનું વિશાળ સરોવર બંધાવ્યું હતું. ભોજ પછી ગાદી પર આવેલા પરમારે શાસકો પઢો કરવામાં પડયા. ત્યારબાદ પરમારોની પડતી શરૂ થઈ. પછીના પરમાર રાજાઓને દેવગિરિના યાદવો તથા દિલ્લીના તુકે સુલતાનોનો સામનો કરવો પડ્યો. ઈ. સ. 1305માં ખેલાઉદ્દીન ખલજીએ માળવા જીતી લઈ પરમારોના શાસનનો અંત આણ્યો.

9. ચોલ રાજાઓએ સાંસ્કૃતિક સાહિત્ય અને કલા-સ્થાપત્ય ક્ષેત્રે આપેલું પ્રદાન સમજાવો.

- દક્ષિણ ભારતના તંજાવુરના પ્રદેશમાં ચોલ સામ્રાજ્ય ઈ. સ. 850થી 1270 સુધી ભારતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવતું હતું. સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રદાન : ચોલ રાજાઓ શિવના ઉપાસક હતા. રાજરાજ પ્રથમે તંજાવુર મુકામે 200 ફુટ ઊંચું 'રાજરાજેશ્વર' નામથી પ્રસિદ્ધ એક ભવ્ય શિવમંદિરનું નિર્માણ કરાવ્યું હતું. અહીંની નટરાજની કાંસ્ય મૂર્તિ વિમા પ્રસિદ્ધ છે. તેણે રાજધાની ખાતે 'ગંગેકોન્ડ ચોલપુરમ' નામનું વિશાળ મંદિર તથા રાજમહેલ પણ બંધાવ્યો હતો.
- આ ઉપરાંત રામસીતાની તથા રાજરાજ પ્રથમની રાણી લોકદીનના મૂર્તિઓ તેમજ જૈન અને બૌદ્ધ ધર્મના મંદિરો ચોલ રાજાઓની ધર્મસહિષ્ણુતા દર્શાવે છે. વૈષ્ણવ સંત રામાનુજ તરફ અયોગ્ય વર્તન થતાં તેઓ રાજધાની છોડીને ઉતર ભારતમાં ચાલ્યા ગયા હતા. જેમને કુલોતુંગ પ્રથમ ધર્મસહિષ્ણુતા દર્શાવીને પાછા બોલાવ્યા હતા. સાહિત્ય તે પ્રદાન : ચલ શાસનકાળ માં હિન્દુ, જૈન તેમજ બોમ્બ ધર્મ ના સાહિત્યકારો એ ઉત્કૃષ્ટ કૃતિનોના સર્જન દ્વારા તમિલ સાહિત્ય નો સુવર્ણયુગ સર્યો હતો. તિરુક્ષકદેવનું 'જીવનચિંતામમણી', જૈન લેખક તોલામુક્તિનું 'શૂલમણિ', બોધ્ધ કવિ નું 'કુંડલકેશી', કંબન નું 'કંબન રામાયણ' અને 'બુધ્ધ મિત્રનું વિર સાલિયમ જેવાં અનેક સાહિત્યિસર્જકનો ચોલ સામ્રાજય ના શ્રેષ્ઠ પ્રદાન છે.
- આ સમયમાં તમિલ સાહિત્ય ઉપરાંત સંસ્કૃત ભાષા ક્ષેત્રે પણ ખેડાણ થયું હતું. કલા સ્થાપત્ય ક્ષેત્રે પ્રદાન : ચોલ રાજાઓએ મંદિરો બાંધવાની પલ્લવો ની પ્રથા ચાલૂ રાખી હતી. એટલું જ નહિ તેમાં પ્રગતિ સાધી. તેમણે દ્રવિડ શૈલીને ઉચ્ચ સ્થાને પહોંચાડી હતી. તેમણે આરંભમાં બાંધેલાં મંદિરો સામાન્ય પ્રકારનાં હતાં, પુદક્કોટઈમાં આ પ્રકારનાં મંદિરો મોટી સંખ્યામાં જોવા મળે છે. ધીમે ધીમે કાચા મિનારાવાળાં મંદિરો બંધાયાં. ત્યારબાદ દસમી સદીના આરંભથી મોટાં, વધુ માળવાળા અને ગોપુરમની રચનાવાળાં મંદિરો બંધાવા લાગ્યાં. તેમાં ચોલ રાજા પરાન્તક પ્રથમના સમયનું 'કોરંગનાથ નું મંદિર', પરાન્ત કે દ્વિતીયના સમયનું 'મૂવરકોવિલ'નું મંદિર, રાજરાજ દ્વિતીયનું ઐરાવતેશ્વર મંદિર, લોજીંગ તૃતીયનું 'કંપહરે ધર' મંદિર અત્યંત પ્રસિદ્ધ છે. ચોલ મંદિરો તેમની કલા-સ્થાપત્યના ક્ષેત્રની આગવી પ્રતિભા અને ભવ્યતા ધરાવે છે.
- આ મંદિર તેમના વિશાળ અને ઊંચાં વિમાન (શિખર) તેમજ ભવ્ય અને ચિત્તાકર્ષક ગોપુરમ્ (પ્રવેશદ્વાર) માટે જાણીતાં છે. ચૌલ શૈલીનાં મંદિરોમાં તંજાવુરનું રાજારાજ પ્રથમે બંધાવેલું રાજરાજેશ્વરનું મંદિર સૌથી નોંધપાત્ર છે. આ મંદિર દક્ષિણ ભારતનું સૌથી મોટું, ઊંચું અને ભવ્ય મંદિર છે. આ મંદિર 61 મીટરની ઊંચાઈ અને 25 મીટરનો ઘેરાવો ધરાવે છે. તેને 13 માળનું ગોપુરમ્ છે. આ ઉપરાંત ગંગે કોન્ડ ચોલપરમમાં રાજેન્દ્ર પ્રથમે બંધાવેલું મંદિર પણ વિખ્યાત છે. આ સમયની ધાતુ તથા પથ્થરની મૂર્તિઓ વિશિષ્ટ પ્રકારની છે. હરીજના કોસ્યપ્રતિમા તત્કાલીન મૂર્તિકલાનું ઉત્તમ ઉદાહરણ છે. ચોલ મંદિરો માત્ર ધાર્મિક જ નહિ, પરંતુ શૈક્ષણિક કેન્દ્રો ; ઉત્સવો અને મનોરંજનના પ્રવૃત્તિધામો પણ હતાં. કલાકારો, કસબીઓ અને વિદ્વાનોને રાજ્ય તરફથી યોગ્ય પુરસ્કાર આપવામાં આવતા હતા.

## 10. ચોલ રાજ્ય ના વહીવટ તંત્ર ની સમજૂતી આપો.

- વહીવટીતંત્ર ની દ્રષ્ટિ એ ચોલશાશન ભારત ના મધ્યયુગીન ઈતિહાસ નું એક જવલંત ઉદાહરણ છે. ડો.વિ.એ. સ્મિથ ના મતે, ''સુદ્રઢ અને સુઆયોજિત કેન્દ્રિય વહીવટતંત્ર એ ચોલ રાજવી ઓ ની અદ્વિતીય સિદ્ધિ ગણાય છે.''
- કેન્દ્રીય વહીવટ : ચોલ વહીવટીતંત્રમાં રાજા સર્વોપરી અને કેન્દ્રવર્તી સત્તા ધરાવતો હતો. યુવરાજ રાજાને રાજ્યવહીવટમાં મદદ કરતો હતો. વહીવટી કાર્યો માટે રાજના હાથ નીચે મંત્રીમંડળને બદલે સરકારી અધિકારીગણ રહેતો. તેમને રોકડ વેતનને બદલે જમીન ઈનામ માં આપવામાં આવતી હતી. રાજાની મૌખિક આજ્ઞામો ગત સચિવ લખી લેતો અને તેનો યોગ્ય અમલ કરતો.
- પ્રાદેશિક વહીવટ : વહીવટી સરળતા માટે ચૌલ રાજ્યને અનેક મંડલોમાં વિભાજિત કરવામાં આવતું હતું. મંડલના વિભાગો અનુક્રમે કોટ્ટમ કે વલનાડું (પ્રાંત), નાડુ (જિલ્લો), કુરમ (તાલુકો) અને ગ્રામ નામે ઓળખાતા. મંડલના વડા તરીકે મોટે ભાગે રાજકુમારોની નિમણૂક થતી છે ચોલ શાસનતંત્રની વિશેષતા તેની સ્વાયત્ત સંસ્થાઓ હતી. પ્રત્યે મંડલમાં લોકોની બનેલી 'સભા' રહેતી. આ ઉપરાંત 'નાડુના લોકોની નાટ્ટર' નામે સભા હતી. નગરમાં વેપારીઓની બનેલી 'નગરનાર' નામની સભા હતી. 'શ્રેણી' અને 'પૂગ' જેવી જનસામાન્યની મહત્ત્વની સંસ્થાઓ હતી. વહીવટમાં આ બધી સંસ્થાઓની સલાહ લેવામાં આવતી હતી. ગ્રામ વહીવટ : ગ્રામ વહીવટ માટે 'ઉર' અને 'સભા' નામની સંસ્થાઓ હતી. 'ઉર' એ સર્વસામાન્ય ગામડાંની સંસ્થા હતી, જ્યારે 'સભા' એ અગ્રવાર ગામો (બ્રાહ્મણોને દાનમાં મળેલાં ગામો)ની સંસ્થા હતી.
- આ સંસ્થાઓ રાજ્યના અધિકારીઓની દેખરેખ હેઠળ , છતાં સ્વંતત્ર રીતે ગામનો વહીવટ કરતી. ગામનાં કાર્યો માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવતી. નાગરિક અને સૈન્યવ્યવસ્થા, નગરનિમણિ, મંદિર, માર્ગો, સિંચાઇ અને સાર્વજનિક બાંધકામો પાછળ થતો ખર્ચ જમીનમહેસૂલ અને વ્યાપારી કરમાંથી વસૂલ થતો. ચોલ રાજાઓએ કાવેરી નદીમાંથી નહેરો કાઠી ખેડતોને સિંચાઇ માટે સુવિધાઓ કરાવી આપીને પોતાની ફરજ બજાવી હતી. વિવિધ ચીજવસ્તુઓના ઉત્પાદન અને વેચાણ માટે વેપારી સ્થિતિ સમૃદ્ધ કક્ષાની હતી, વસ્ત્રઉદ્યોગ અને ધાતુઉધ્યોગ પ્રચલિત હતો. ચીન, મલાયા, ઈરાન અને પૂર્વના ટાપુઓ સાથે વ્યાપાર સ્થપાયાં હતા.

## 11. ''વિજયનગર રાજ્યના ઉત્થાન અને વિકાસનો ઈતિહાસ તેમના રાજવશોના પ્રતાપી સમ્રાટને આભારી હતો.'' આ વિધાન નું દ્રષ્ટાંતો દ્વારા સમર્થન કરો.

- ઈ. સ. 1335 પછી મોહમ્મદ તુઘલકની સામે અનેક બળવા ઓ થયા. પરિણામે સતાના ખાનામાં ચાર્વત્ર રાજ્યની સ્થાપના થવા લાગી. દક્ષિણ ભારતમાં જે બે મોટા સ્વંત્રત રાજયો અસ્તિત્વ માં આવ્યા તેમાં એક હતું તુંગભદ્રા નદીને કિનારે આવેલૂ વિજયનગર નું હિન્દુ રાજ્ય અને બીજું હતું વેનગંગા અને કૃષ્ણા નદીની વચ્ચે આવેલું બહમનીનું મુસ્લિમ રાજ્ય. એ બંને રાજ્યો વચ્ચે સામ્રાજ્ય વિસ્તાર અને સત્તા માટે સતત યુદ્ધધો થતાં રહ્યાં. આમ છતાં, વિજયનગર નું સામ્રાજ્ય ત્રણ સો વર્ષ સુધી ટકી રહ્યું. એટલું જ નહિ પણ તેણે રાજકીય, વહીવટી,લશ્કરી અને સાંસ્કૃતિક ક્ષેત્ર એક ભવ્ય અને યાદગાર વારસો આપ્યો.
- 1. વિજયનગર રાજ્યની સ્થાપના : ઈ. સ. 1936માં હરિહર અને બુકકરાય નામના બે સાહસિક તુંગભદ્રા નદીની દક્ષિણે અને ગુંડી રાજ્યના કિલ્લાની સામે વિજયનગર રાજ્યની સ્થાપના કરી હતી. આ બંને ભાઈઓ અગાઉ હોયતળના રાજાની સેવામાં હતા. દિલ્લીના સુલતાનોનાં આક્રમણોનો સામનો કરવામાં તેમણે એ રાજાને

સારી મદદ કરી હતી. હરિહરે પિતા સંગમના નામ પરથી 'સંગમવંશ'નો આરંભ કર્યો. અને તે વિજયનગર રાજ્યનો પ્રથમ રાજા બન્યો.

- 2. હરિહર પ્રથમ (ઈ. સ. 1336થી 1357) : હરિહરે શાસન દરમિયાન પોતાના ભાઈ બુક્કારાયને યુવરાજ અને સર્કશાસક બનાવ્યો હોમસંગ રાજા વિરૂપાક્ષ બલ્લાલ મદુરાના સુલતાન સામે લડતાં અવસાન પામ્યો, તેનો લાભ લઈ બંને ભાઈઓએ હોયસળ રાજ્યના બધા જ પ્રદેશો જીતી લીધા. આ વિજયોથી વિજયનગરનું સામ્રાજ્ય ઉત્તરે કૃષ્ણા નદીથી દક્ષિણે કાવેરી ની સુધી અને પૂર્વ તથા પશ્ચિમે સમુદ્ર સુધી ફેલાયેલું હતું.
- 3. બુકકારાય પ્રથમ (ઈ. સ. 1957થી 1876) : હરિહરના અવસાન બાદ શાશન કરનાર બુક્કારાય પ્રથમને શિલાલેખોમાં 'ત્રણ સમુદ્રો નો સ્વામી' ગણાવ્યો છે. તેને તમિલ પ્રદેશ પર વિજય મેળવી,મદુરા જીતી છેક રામેશ્વર સુધી વિજયનગર સામ્રાજ્યની સીમાનોને વિસ્તારી હતી. બુકકરાય એક વિજેતા હોવા ઉપરાંત ઉદાર શાસક અને સાહિત્યનો પોષક પણ હતો. તેણે ધાર્મિક સહિષ્ણુનીતિ અપનાવી હતી.
- ઇ.સ. 1376માં તેનું અવસાન થયું. હરિહર દ્વિતીય (ઈ. સ. 1376થી 1404) : બુકકારાય પ્રથમના અવસાન પછી હરિહર દ્વિતીય ગાદી પર બેઠો. વિજયનગરના શાસકોમાં સૌપ્રથમ તેણે 'મહારાજાધિરાજ' અને 'રાજરાજેશવર' જેવા ઇલકાબો ધારણ કર્યા હતા. હરિબાર દ્વિતીય મહાન વિજેતા હતો. તેનું કન્નડ, મૈસૂર, ત્રિચિનાપલ્લી, કાંચી, ચિંગલપોટ વગેરે પ્રદેશો પર વિજય મેળવ્યો.
- તેના શાસન દરમિયાન તેના પુત્ર બુકારાય દતિએ રાયપુર પ્રદેશ મેળવવાનો પ્રયત્ન કર્યો. તેના સમયમાં વિજયનગર સામાન્ય બળવાન ગણાતું હતું. હરિહર દ્વિતીયનો શાસનકાળ એકંદરે શાંતિ અને સ્મૃદ્ધિ વાળો હતો. તે ધાર્મિક બાબતો પ્રત્યે ઉદાર હતો. તેના રાજ્ય તરફથી શવ, વૈષ્ણવ અને જૈન સંપ્રદાયને સારું પ્રોત્સાહન મળતું હતું. તેણે 'નાનાર્થ રત્નમાલા' નામનો સંસ્કૃત શબ્દકોષ તૈયાર કરાવ્યો હતો.
- ઈ. સ. 1404માં તેનું અવસાન થયું.હરિહર દ્વિતીયના અવસાન બાદ તેનો મોટો પુત્ર બુકારાય દ્વિતીય ગાદીએ આવ્યો. બે વર્ષમાં જ તેનું અવસાન થતાં તેનો ભાઈ દેવરાય પ્રથમ (ઈ. સ. 1406થી 1422) ગાદીએ આવ્યો. તેણે બહમની સુલતાનો સાથે વારંવાર યુદ્ધો કર્યો. તેણે બહમની સુલતાનો સામે ઈ. સ. 1406માં પરાજય મેળવ્યો હોવા છતાં ઈ. સ. 1419ના યુદ્ધમાં વિજય પ્રાપ્ત કર્યો. તેના સમય (ઈ. સ. 1406)માં ઇટાલિયન મુસાફર નિકોલો-ડી-કોંટી વિજયનગરની મુલાકાતે આવ્યો હતો. દેવરાય પ્રથમ પછી તેનો પુત્ર વિજય ગાદીએ આવ્યો. કફનની સુલતાન અકડ મદે વિજયનું યુદ્ધમાં પરાજય આપીને ઈ. સ. 1419માં બહુમની સલ્તનતને મળેલા પરાજયનું વૈર વાગ્યું. તેના અનુગામી દેવરાય દ્વિતીય (ઈ. સ. 1424થી 1447)ના શાસન કાળના અંત ભાગમાં ઈરાની તે વિજયનગરના સામ્રાજ્યની મુલાકાત લીધી હતી.

## 12. કૃષ્ણદેવરાયની સિદ્ધિઓ વર્ણવો.

- 'તુલવવંશ'ના સ્થાપક વીર નરસિહ પછી તેનો નાનો ભાઈ કૃષ્ણદેવરાય વિજયનગરની ગાદીએ બેઠો (ઈ. સ. 1509થી 1530). તેનાં વિજયો અને કુશળ વહીવટ તથા કલા અને સાહિત્યને તેણે આપેલા ઉત્તજનને કારણે કૃષ્ણદેવરાય વિજયનગરના બધા શાસકોમાં સર્વશ્રેષ્ઠ હતો.
- 1. કૃષ્ણદેવરાયના વિજયો : ક્રુષ્ણદેવરાય મહાન સૈનિક, સેનાપતિ અને વિજેતા હતો. તેણે સૌપ્રથમે પોતાના લશ્કરને સુસજ્જ કરી કેટલાક સ્વતંત્ર થઈ ગયેલા જાગીરદારોને નમાવવાનું કામ કર્યું. તેણે દક્ષિણ મેસૂરના ઉસ્માતુરના સરદાર પાસેથી શિવસમુદ્રનો કિલ્લો મેળવી લીધો. ઈ. સ. 1513માં તેણે ઓડિશા પર ચઢાઈ કરી

ઉદયગિરિના કિલ્લાનો કબજો મેળવ્યો અને રાજા ગજપતિ પ્રતાપના સંબંધોમાંના કેદ કર્યા. ઓડિશા પર ના નિજા આક્રમણ વખતે તેને કોંડવિદુનો કિલ્લો કબજે કર્યો અને ગજપતિકુમાર વીરભદ્ર તથા ઓડિશા ના કેટલાક સામંતોને કેદ કર્યા (ઈ. સ. 1515) ઓડિશા પરના બીજા આક્રમણ વખતે તેણે કોંડપલ્લીના કિલ્લા નો કબજો મેળવ્યો. અહીંથી આગળ વધીને તેણે વિશાખાપટ્ટનમમાં આવેલા સિહાચલમ્ સુધી વિજય કુચ કરી અને ઑડિશાના રાજા ને શરણે આવવાની ફરજ પડી. આ વિજયની યાદમાં ત્યાં તેણે વિજયસ્તંભ ઊભો કરાવ્યો. ઈ.સ. 1520માં ઇસ્માઇલઅલી આદિલશાહને પરાજય આપીને તેણે ગર-દોનાબનો પ્રદેશ કબજે કર્યો. ત્યાંથી બિજાપુરના પ્રદેશમાં આગળ વધી તેણે ગુલબર્ગના કિલ્લાને જમીનદોસ્ત કર્યો.

- કૃષ્ણદેવરાયના વિજયોને લીધે વિજયનગરના સામ્રાજ્યનો વિસ્તાર,પૂર્વમાં વિશાખાપટ્ટનમ, પશ્ચિમમાં દક્ષિણ કોંકણ અને દક્ષિણ ભારતીય દ્વિપકલ્પના છેડા સુધી થયો હતો. આમ. કણદેવરાયના સમયમાં વિજયનગર એ ક "મહારાજ્ય" બન્યું હતું.
- 2. કુશળ વહીવટકાર અને દૂરંદેશી રાજનીતિજ્ઞ : ઘોડા તથા બીજી જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓની આયાતથી ફાયદો મેળવવાના આશયથી કુષ્ણદેવરાયે પોર્ટુગીઝો સાથે મૈત્રીભર્યા સંબંધો બાંધી તેમને પોતાના રાજ્યમાં વેપાર કરવાની છૂટ આપી હતી. તેણે સામ્રાજ્યનું વહીવટીતંત્ર સુદઢ બનાવ્યું. પ્રજાની ફરિયાદો તે જાતે સાંભળતો. સિંચાઈ માટે તેણે તળાવ અને નહેરો બંધાવ્યાં.તેણે લકર જેવા અન્યાયી કરવેરા રદ ર્ક્યો. તેના શાસનકાળ દરમિયાન વિજયનગર સામ્રાજ્ય વિસ્તાર અને જાહોજલાલીની દષ્ટિએ ટોચ પર હતું. કૃષ્ણદેવરાયના સમયમાં સાહિત્ય અને કલાનો પણ સારો વિકાસ થયો હતો. તે પોતે પણ વિદ્વાન હતો. તેણે સંસ્કૃત અને તેલુગુ ભાષામાં કેટલાક ગ્રંથો લખ્યા છે, જેમાં જામ્બવનિકાલયને એને 'ઉષા પરિણયમ' નામનાં સંસ્કૃત નાટકો મુખ્ય છે. 'અષ્ટ દિગ્ગજ' નામે જાણીતા આઠ તેલગ મહાકવિઓ તેના દરબારને શોભાવતા હતા. આથી જ કૃષ્ણદેવરાયનો સમય 'તેલુગુ સાહિત્યનાં સુવર્ણયુગ' ગણાય છે.
- કૃષ્ણદેવરાયે તેલુગુમાં રચેલા કાવ્ય 'આમુક્તમાલ્યદા'માં ભક્તિભાવ તથા માનવસ્વભાવનું ઊંડું આલેખન કરવામાં આવ્યું છે. વિરૂપાક્ષ, વિઠ્ઠલસ્વામી તથા હઝારા રામસ્વામીનાં મંદિરો તે સમયની કલાના ઉત્તમ નમૂના છે. કૃષ્ણદેવરાયનો સાહિત્ય અને ધર્મ પ્રત્યેનો પ્રેમ, પ્રજાના કલ્યાણ માટેની ઝંખના, મંદિરો અને બ્રાહ્મણો પાછળ ખર્ચેલું અઢળક ધન દક્ષિણ ભારતના રાજાઓમાં સર્વશ્રેષ્ઠ રાજા તરીકે મૂલવે છે.

### 13. વિજયનગરના સામ્રાજ્યની શાસનવ્યવસ્થાનો, મુડસાર પરિચય આપો

- વિજયનગરના શાસકોએ સુદ્રઢ અને પ્રજાકલ્યાણવાદી મધ્યસ્થ શાસનધ્યવસ્થાની સ્થાપના કરી. એ વહીવટીતંત્રમાં સર્વસત્તાધીશ રાજાશાહી કેન્દ્રસ્થાને હતી. તે સામંતશાહી ઢબનું શાસન હતું. તેની સ્થાપનાનો વિશિષ્ટ સંજોગોને લીધે તે એક, ધર્મરાજ્યના સાથે લશ્કરી રાજ્ય પણ હતું.
- 1. મધ્યસ્થતંત્ર : સમ્રાટ સર્વસત્તાધીશ હતો, તે રાજ્યના મુલ્કી લશકરી તથા ન્યાયતંત્રનો સર્વોપરી વડો હતો. રાજા બિનજવાબદાર સરમુખત્યાર ન હતો. તેની ઉદારનીતિને કારણે પ્રજામાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધ્યાં હતાં. કૃષ્ણદેવરાયે પોતાના ગ્રંથ આમુકતમાલ્યદા'માં પ્રજા પ્રત્યેની રાજાની ફરજો વર્ણવી છે. રાજાને તેની ફરજો બજાવવામાં મદદરૂપ થવા એક વહીવટી અતિ હતી, જેમાં છથી આઠ મંત્રીઓ હતા. મંત્રીઓનું પદ વંશપરંપરાગત હતું.

- તેમની પસંદગી કે બરતરફી મુખ્યત્વે રાજાની ઈચ્છા પર રહેતી. બીજા અધિકારીઓમાં કોષાધ્યક્ષ, ઝવેરાત ખાતાના અધિકારી, રાજયના વેપારનું ધ્યાન રાખનાર અમલદાર, મુખ્ય પોલીસ અમલદાર અશ્વદળનો નિયામક, રાજાના અંગત અધિકારીઓ વગેરે મુખ્ય હતા. તેની રાજસભા ધર્મગુરુઓ, ઉમરાવો, સાહિત્યકારો, જ્યોતિષીઓ, સંગીતકારો વગેરેથી ભરચક રહેતી.
- 2. પ્રાંતીય વ્યવસ્થા : પ્રાંતો 'રાજ્ય' , 'મંડળ' કે 'ચાવડી' નામોથી ઓળખાતા હતા. વિજયનગરનું સામ્રાજ્ય 6 પ્રાંતોમાં વહેંચાયેલું હતું. પ્રાંતનો ઉપરી 'નાયક' કહેવાતો. નાયક પોતાના પ્રાંતમાં મુલ્કી, લશકરી તથા ન્યાયવિષયક સત્તા ભોગવતો અને તે રાજાનો પ્રતિનિધિ ગણાતો. મોટે ભાગે રાજ કુટુંબનો જ કોઈ વ્યક્તિને અથવા રાજ્યના મોટા ઉમરાવને આ હોદા પર નીમવામાં આવતાં. મહત્ત્વની બધી જ નિમણૂકો તેને હસ્તક રહેતી. તેણે નિયમિતપણે કેન્દ્રને પ્રાંતની આવકજાવકનો હિસાબ રજૂ કરવો પડતો. તે રાજદ્રોહ કરે અથવા પ્રજાને હેરાન કરે તો તેને કડક શિક્ષા કરવામાં આવતી. આમ, પ્રાંતીય શાસનમાં એક પ્રકારનું 'સત્તાનું વિકેન્દ્રીકરણ' હતું.
- 3. સ્થાનિક તંત્ર : ભારતની પ્રાચીન પરંપરા મુજબ ગામડું રાજ્યનું સૌથી નાનું એકમ હતું. તે સ્વાયત્ત અને સ્વાવલંબી હતું. તેનો વહીવટ ગ્રામસભાને હસ્તક રહેતો. તેના પ્રમુખને આયગુરું કહેવામાં આવતો. હિસાબનિષ ગ્રામરક્ષક, મજદૂરો, અમલદારો વગેરે ની મદદ લેવામાં આવતી. આ હોદ્દા ઑ મોટા ભાગે વંશપરંપરાગત રહેતાં.. ગ્રામ અને મધ્યસ્થ સરકાર વચ્ચે ના સબંધ જાળવવા માટે મહાનાયકાચાર્ય' નામના અધિકારીની નિખણૂક કરવામાં આવતી . આ અધિકારી ગામના વહીવટ પર દેખરેખ રાખતો.
- 4. મહેસૂલ : વિજયનગર રાજ્યની આવકનું મુખ્ય સાધન જમીનમહેસૂલ હતું. જમીનમહેસુલ માટે જમીનના ત્રણ પ્રકારો પાડવામાં આવ્યા હતા : (1) જંગલ, (2) કૃષિલાયક અને (3) પડતર જમીનમહેસુલ તરીકે ઊપજનો છથો ભાગ લેવામાં આવતો હતો. તે ઉપરાંત ચરાઈવેરો, લગ્નવેરો , માલ પરની જકાત , રસ્તા પર ના વેરા, બાગ-બગીચા પરના વેરા, વેચાણવેરો વગેરે પણ લેવામાં આવતા. કારીગરો, કુંભાર, ધાબી, મોચી, વાળંદ , સાધુ અને ગણિકાઓ પાસેથી પણ કર લેવામાં આવતા હતા.
- 5. ન્યાયતંત્ર : રાજા સર્વોચ્ચ ન્યાયાધીશ ગણાતો હતો. ન્યાય માટે અદાલતો તથા ન્યાયાધીશોની નિમણૂક પણ રાજા કરતો. કુષ્ણદેવરાય પ્રજાની ફરિયાદો જાતે સાંભળતો અને ન્યાયના વહીવટની તપાસ માટે રાજ્યમાં પ્રવાસ પણ કરતો.. ન્યાયાધીશો કેટલીક વાર ન્યાય આપવા માટે સ્થાનિક ગ્રામસભા કે એવી બીજી સંસ્થાની સહાય લેતા. કાયદાઓનું સ્વરૂપ ફક્ત બ્રાહ્મણો કે ધર્મગુરુઓ નક્કી કરતા. રાજ્યની બંધારણીય પ્રથાઓને કાનુનમાં સમાવી લેવામાં આવી હતી.
- 6. લશ્કરી વ્યવસ્થા : વિજયનગરમાં લશ્કરી તંત્ર સુવ્યવસ્થિત હતું. તેને માટે એક અલગ ખાતું હતું, જે કંડાચાર કહેવાતું. તેનો મુખ્ય અધિકારી દંડનાયક (મુખ્ય સેનાપતિ) કહેવાતો. દંડનાયકની સાથે ખૂન્ય અધિકારીઓ પણ રહેતા. લકરે જુદા જુદા વિભાગોમાં વહેંચાયેલું હતું. તોપખાનાનો વિભાગ અલગ હતો.

### 14. વિજયનગરના સામ્રાજ્યની સાહિત્ય અને સ્થાપત્યકલાના ક્ષેત્રની સિદ્ધિઓ આલેખો.

- ઈરાનના પ્રવાસી અબ્દુરર્રઝાકે તેના પ્રવાસવર્ણનમાં વિજય નગર શહેર, તેની રચના, તેની સમૃદ્ધિ, વહીવટીતંત્ર તથા પ્રજાના સામાજિક જીવન વિષે રસપ્રદ માહિતી આપી છે. અહીના રાજાઓ અને સામંતોએ સાહિત્ય તથા કલા-સ્થાપત્યને સારું ઉત્તેજન આપ્યું હતું. પરિણામે અહી નોંધપાત્ર સાંસ્કૃતિક વિકાસ થયો હતો.

- સાહિત્યના ક્ષેત્રે સિધ્ધિઓ : વિજયનગરના રાજાઓ સાહિત્યના પોષક હતા. તેમણે સંસ્કૃત તેલુગુ, કન્નડ, તમિલ વગેરે બધી ભાષાઓના સાહિત્ય ને પ્રોત્સાહન આપ્યું હતું. અહીના શાસકોએ વિદ્વાનો, લેખકો, કવિઓ, દાર્શનીકો અને ધર્માચાર્યોને રાજ્યાશ્રય આપ્યો હતો.વિજયનગર સામ્રાજ્યમાં વેદોના મહાન ભાષ્યકાર, ''સાયણ' અને તેમના ભાઈ'', 'માધવ વિદ્યારધ' જેવા પ્રખ્યાત વિદ્વાનો થયા. કૃષ્ણદેવરાય પોતે વિદ્વાન, કવિ અને સંગીતશ છેતો. તેણે વિદ્વાનો અને કલાકારોને નોંધપાત્ર ઉત્તેજન આપ્યું હતું. તેણે તેલુગુમાં 'આમુક્તમાલ્યદા' નામનું મહાકાવ્ય લખ્યું હતું. એ સમયે રચાયેલ કતિઓમાં 'વ્યવહાર માધવીય', 'આયુર્વેદ નિદાન', 'અલંકાર સુધાનિધિ', 'સુભાષિત સુધાનિધિ', 'શાનચિંતામણિ', રસમંજરી' વગેરેનો સમાવેશ થાય છે. રાજનાથ ડિડમે તેલુગુમાં 'અયુતરાયાભ્યદયમ્' નામનું કાવ્ય રચ્યું હતું.
- કન્નડ સાહિત્યમાં કવિ ચામરસ, બાહુબલિ, મધુરાય, તિમન્ના કુમાર, નારાયણ વ્યાસ અને પંદરહાસ જેવો કવિઓ થઈ ગયા. કન્નડ સાહિત્યમાં 'પ્રભુરસલીલા' તથા મહાભારતને લગતાં કાવ્યો અને સાહિત્ય રચાયાં. આ ઉપરાંત ચિકિત્સાલય, પશુચિકિત્સા, ખગોળશાસ્ત્ર, પાકશાસ્ત્ર વગેરે પર અનેક ગ્રંથો લખાયા, જેમાં શ્રીધરનું 'વૈદ્યામૃત' અને સાલવનું 'વૈદ્ય સંગત્ય' નોધપાત્ર છે. સ્થાપત્ય કલાના ક્ષેત્રે સિદ્ધિઓ : વિજયનગર સામ્રાજ્યમાં સ્થાપત્ય કલાના ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ જોવા મળે છે.
- વિજયનગરના શાસકોએ રાજમહેલો, સભાગૃહો, સાર્વજનિક કાર્યાલયો, મંદિરો, નહેરો, જળાશયો અને બાગ-બગીચાઓનું ભવ્ય બાંધકામ કરાવ્યું હતું. 'હમ્પી' મુકામે આવેલા અવશેષો આની સાક્ષી પૂરે છે. કૃષ્ણદેવરાયના સમયમાં બાંધવામાં આવેલું હઝારા રામસ્વામીનું મંદિર' મંદિર-સ્થાપત્યનો ઉત્તમ નમૂનો ગણાય છે. આ ઉપરાંત 'વિરૂપાક્ષનું મંદિર', 'અચ્યતરાયનું મંદિર', 'વિદ્યાશંકરનું મંદિર વગેરે સ્થાપત્ય કલાની દષ્ટિએ મહત્ત્વનાં છે. વિજયનગરનાં મંદિરોમાં તેમની સ્તભરચના નોંધપાત્ર છે.
- સ્થાપત્યકલાની સાથે મૂર્તિવિધાન કલાનો પણ વિજયનગરમાં ઉત્કૃષ્ટ વિકાસ થયો હતો. ચિન્નાદેવી, તિરૂમલ્લાદેવી અને વિદ્યારણ્યની મૂર્તિઓની ભવ્યતા નોંધપાત્ર છે. વિજયનગરમાં સંગીત, નૃત્ય, ચિત્રકલા વગેરે લલિતકલાઓનો પણ સારો વિકાસ થયો હતો. કૃષ્ણદેવરાય અને રામરાય પોતે પણ સંગીતમાં પારંગત હતા. અહીની મહિલાઓ પણ સંગીત અને નૃત્યમાં પારંગત હતી. આમ, વિજયનગર સામ્રાજ્ય તેજસ્વી સાંસ્કૃતિક અને કલાત્મક સિદ્ધિઓ ધરાવતું હતું. વિજયનગરની પ્રજા સુખી અને સમૃદ્ધ હતી.

## 17. વિજયનગર સામ્રાજ્યના લોકોના સામાજિક જીવન, આર્થિક જીવન અને ધાર્મિક જીવનની મુદ્દાસર સમીક્ષા કરો.

- વિજયનગર સામ્રાજ્યના લોકોનું સામાજિક, આર્થિક અને ધાર્મિક જીવન નીચે પ્રમાણે હતું :

  1. સામાજિક જીવન : વિજયનગરનો સમાજ સંગઠિત હતો. અહીના હિન્દુ શાસકો વર્ણવ્યવસ્થાને મહત્વ આપતી હતા. આથી સમાજમાં વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિપ્રથાનું વિશેષ મહત્વ હતું. સમાજ માં બ્રાહણોનું ઉચ્ચ સ્થાન હતું. રાજાઑ બ્રાહણો ને ખૂબ માન આપતા હતા. બ્રાહણો સામાજિક, રાજકીય અને ધાર્મિક બાબતો માં આગળ પડતો ભાગ ભજવતા હતા. વિજયનગર સામ્રાજ્યમાં રાજા, સામંતો, નાયકો, બ્રાહણો, સિપાઈ, વ્યવસાયી જેવા વર્ગો હતા.
- અહીના લોકોનો ખોરાક મુખ્યત્વે ઘઉં, ચોખા, બાજરી, જુવાર, માછલી વગેરે હતો. બ્રાહ્મણો સિવાય લગભગ બધા જ હતા. તેઓ ગાય અને બળદના માંસ, પ્રાણીનોના માંસનો ઉપયોગ કરતા હતા. ઉત્સવો દરમિયાન મોટી સંખ્યામાં પ્રાણીઓનો ભોગ લેવાતો. અંજીર, કેળાં, મોસંબી, દ્રાક્ષ, નારંગી, દાડમ, ફણસ વગેરે જેવા ફળાનો

પણ ખોરાકમાં સમાવેશ થતો. મોટા ભાગના લોકો સફેદ કપડાં પહેરતા હતા. તેઓ માથે કીનખાબની ટોપી અને ગળામાં હીરાનો હાર પહેરતા. ગણિકાઓ અને ઉમરાવ મહિલાઓ રેશમથી ગૂંથેલા ચામડીનાં બૂટ પહેરતી. સ્ત્રીઓ માથું ખુલ્લું રાખતી કે અંબોડા વળતી, શણે તથા રેશમના કાપડનો વધ ઉપયોગ થતો. મહિલાઓ ચિત્રામણવાળા ચણિયો પહેરતી અને ઉપર, શણનો રંગીન દુપટ્ટો નાખતી. મહિલાઓ સોનાચાંદીના મિલેટવાળાં ધરણાં, નીલમ, માણેક જેવાં કીમતી રત્નોના હાર તેમજ બંગડીઓ વગેરે અલંકારો પહેરતી. પુરુષો કાનમાં 'કટકન' પહેરતા.

- સ્ત્રીઓ માથામાં ફલો નાખતી નથી ચંદન, સુખડ, કપૂર, કેશર, કસ્તુરી જેવાં સુગંધિત દ્રવ્યોનો પણ ઉપયોગ કરતી હતી. મૃતદેહને બાળવાની કે દાટવાની પ્રથા તેમજ સતીપ્રથા પ્રચલિત હતી. રાજ્ય તરફથી નૃત્ય અને સંગીતને પ્રોત્સાહન આપવામાં આવતું હતું. અઠવાડિયામાં એક વાર રાજમહેલમાં નૃત્યાંગનાઓનાં નૃત્યો યોજાતાં. કઠપૂતળીનો ખેલ, મદારીઓનો ખેલ, મહાનવમીનો ઉત્સવ વગેરે દ્વારા મનોરંજન થતું. કુસ્તી, લંક યુદ્ધ, પટાબાજી, ભાલાબાજી,તલવારબાજી, શિકાર વગેરેમાં પણ લોકો આનંદ અને ઉત્સાહથી ભાગ લેતા. સ્ત્રીઓ પણ કુસ્તીમાં ભાગ લેતી. કૃષ્ણદેવરાય પોતે પણ સંગીત અને વીણાવાદનમાં નિષ્ણાત હતો.
- સમાજ માં મહિલાઓનું સ્થાન : વિજયનગર સામ્રાજ્યમાં મહિલાઓને ઉચ્ચ સામાજિક દરજ્જો મળેલો હતો. તેઓ રાજકીય, સામાજિક અને આર્થિક પ્રવૃત્તિઓમાં આગળપડતો ભાગ લેતી હતી. મહિલાઓને કુસ્તી, આક્રમણ તથા સંરક્ષણ માટેનાં વિવિધ પ્રકારનાં શસ્ત્રોના ઉપયોગની તાલીમ આપવામાં આવતી હતી. આ ઉપરાંત તેમને સંગીત અને અન્ય લલિતકલાઓનું પણ શિક્ષણ આપવામાં આવતું હતું. સમાજ માં બહુપત્નીપ્રથા, સતીપ્રથા, દહેજપ્રથા, બાળલગ્નપ્રથા, મંદિરોમાં દેવદાસીપ્રથા વગેરે પ્રચલિત હતાં.
- 2. આર્થિક જીવન : વિજયનગર સામ્રાજ્યમાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. અહીં ઘઉં, ડાંગર, બાજરી, જુવાર, ચણા, વાલ, શેરડી, તેલીબિયા, કપાસ, આમળાં, તજ, ચંદન, જાયફળ, રાય, ઈલાયચી, શાકભાજી, કેળાં, ખજૂર, સંતરાં ,દાડમ, કેરી, કાકડી, લીંબુ, ફણસ, લસણ, હળદર, નાળિયેર, સોપારી વગેરેનું ઉત્પાદન થતું હતું. સિંચાઈ માટે બંધ, કૂવા, તળાવ વગેરેનો ઉપયોગ સિંચાઈ કરમાં છુટછાટ પણ આપવામાં આવતી હતી. આ સમયમાં દરિયાઈ તથા જમીનમાર્ગ દ્વારા વિદેશી વૈપાર મોટા પાયા પર ચાલતા હતા, હાથી, ઘોડા, મૂલયવન પથ્થરો,સુખડ, સુગંધિત પદાથો, મોતી વગેરેનો વેપાર સારા પ્રમાણ માં ચાલતો હતો.
- જમીન માર્ગે ઘોડા, ગધેડાં , બળદગાડી, વણઝારા વગેરે દ્વારા હેરફેર થતી હતી. વિજયનગરનો વેપાર મલાયા, બેમાં, ચીન, અરબસ્તાન, ઈરાન,દક્ષિણ આફ્રિકા, એબિસિનિયા, પોર્ટુગલ વગેરે દેશો સાથે ચાલતો હતો. વિજયનગરમાંથી ચોખા, કાપડ, લોખંડ, મીઠું, બાજરી નાળિયેર, સિંદૂર, સુખડ, સાગ, ગળી, મરી, નીલમ, પોખરા લાલ માણેક, ચિનાઈ માટીનાં વાસણો, સાકર, તેજાના વગેરે નિકાસ થતી હતી. યુદ્ધ માટેના ધોડા, હાથી, તાંબુ, હીરા, પારો, મોતી, ચીની રેશમ મલમલ વગેરેની વિદેશોમાંથી આયાત થતી હતી. મલબાર કિનારે આવેલું કાલિકટ સૌથી મોટું બંદર ગણાતું હતું. તે સમયમાં કાપડવણાટ, દરજીકામઅત્તરોનું ઉત્પાદન, ધાતુંકામ, જહાજનિર્માણ, ખોદકામ, હાથીદાંતની કારીગરી, તાડી, ખાંડ, મોતી પકવવાં, મીઠું પકવવું, હથિયાર, ઝવેરાત, માછીમારી વર્ગને ધંધાઓનો સારો વિકાસ થયો હતો.
- 3. ધાર્મિક જીવન : વિજયનગરના શાસકે ધર્મપરાયણ હતા. તેને વૈષ્ણવ સંપ્રદાયના હોવા છતાં અન્ય પંથો પ્રત્યે પણ સહિષ્ણુ હતા. વિજયનગરના સામ્રાજ્યમાં શૈવ સંપ્રદાય અને જૈન ધર્મનાં તીર્થસ્થળો પણ હતાં. આ

રાજાઓએ મુસ્લિમ ધર્મને પણ પ્રોત્સાહન આપ્યું હતું. અહી મહાનવમી, પૂનમ, એકાદશી, રથયાત્રા, પડવો, હોળી ગોકુળઅષ્ટમી, શિવરાત્રી, મકરસંક્રાંતિ વગેરે તહેવારો અને ઉત્તર ઉજવાતા હતા.

## 18. બમની રાજયની સિદ્ધિઓ વર્ણવો.

- સુલતાન મોહમ્મદ તુઘલકના શાસનકાળ દરમિયાન દખણના ઉમરાવોએ ઘેલતાબાદમાં બળવો કર્યો અને ઈસ્માઈલ મખને ગાદીએ બેસાડયો. તે વૃદ્ધ અને બિનમહત્ત્વાકાંક્ષી હોવાથી તેણે બધી ઉમરવો ની ઈચ્છાથી અમીર હસન ઝફરખાનને સત્તા સોંપી દીધી. 3 ઓગસ્ટ, 1947ના રોજ ઝફરખાનનો 'અબુલ મુઝફ્ફર બર્મન શાહ' ઉપનામ સાથે રાજ્યાભિષેક થયો. આ દખણમાં બર્મની સલ્તનતની સ્થાપના થઈ. ડો. મજુમદારે આ સલ્તનતને દખ્ખમા સ્થપાયેલી બધી જ મુસ્લિમ રીયાસતોમાં સૌથી વધુ શક્તિશાળી ગણાવે છે.
- અલાઉદીન બહમનશાહ : અલાઉદીન બહમન શાયદ ગાદીને આવ્યા પછી દોલતાબાદને બદલે ગુલબર્ગ ને પોતાની રાજધાની બનાવી અને તેને 'અહસનાબાદ' નામ આપ્યું.બહમની રાજયની સ્થાપના સમયની અવ્યવસ્થાનો લાભ લઈને દક્ષિણ ભારતના અનેક હિન્દુ રાજયો સ્વતંત્ર થઈ ગયાં. અલાઉદીન બહમનશાહે બહમની રાજયની સીમાઓ વડા વૈનગગાથી દક્ષિણે કૃષ્ણા નદી સુધી અને પશ્ચિમે દોલતાબાદ થી ભૌગીર સુધી રાજયના વિસ્તાર કર્યો. અલાઉદીન બહમનશાહે અનેક વિજયો હાંસલ કર્યા પછી પોતાના રાજયનું વહીવટીતંત્ર વ્યવસ્થિત બનાવ્યું. તેણે ગુલબર્ગમાં સુદઢ શાસનતંત્ર ઊભું કર્યું.
- વહીવટી સરળતા માટે તેણે પોતાના રાજયને ચાર 'તરફ' (પ્રાંત)માં વહેંચ્યું હતું : (1) ગુલબર્ગ, (2) દોલતાબાદ, (3) વરાડ અને (4) બીડર. આ ચારેય પ્રાંતોમાં તેણે એક - એક સુબાની નિયુક્તિ કરી હતી.
- મુહમ્મદશાહ પ્રથમ : અલાઉદીન બહમનશાહના અવસાન પછી તેનો મોટો પુત્ર મુહમ્મદશાહ પ્રથમ (ઈ. સ. 1358થી 1377) ગાદીએ આવ્યો. તેણે નોંધપાત્ર વહીવટી સુધારા કર્યા. તેણે પ્રધાનમંડળની સ્થાપના કરી, સ્થાયી લકરની યોજના બનાવી અને પ્રાંતોના વહીવટીતંત્રને સુદ્રઢ બનાવ્યું. આમ, તે તેના પિતા જેવો જ સફળ વહીવટકાર હતો. મુહમ્મદશાહ પ્રથમ પછી તેના અન્ય વારસદારો સત્તા પર આવ્યા, પરંતુ તેમના બેજવાબદારીભર્યા વર્તનથી તેઓને સત્તા ગુમાવવી પડી.
- મુહમ્મદશાહ તૃતીય(1463થી 1482)ના શાસન દરમિયાન તેના છભાત વજીર મહમુદ ગવાએ રાજ્યવહીવટનું સંચાલન સંભાળ્યું. તે શક્તિશાળી, બુદ્ધિશાળી અને વફાદાર વજીર હતો. વહીવટીતંત્ર વ્યવસ્થિત કર્યું. ગામડાંઓની જમીનની માપણી લચિ-રુશવતનો સડો દૂર કર્યો. અપ્રામાણિક વહીવટદારોને કરાવી. લક કર માં સુધારા-વધારા કર્યો. મહમુદ ગવાં સાદગીપ્રિય,પવિત્ર, ઉદાર અને માયાળુ હતો.
- તેને શાષ્ય સાહિત્ય અને ગ્રંથોમાં વિશેષ રુચિ હતી. તેને વિદ્વવાનો અને ધાર્મિક વ્યક્તિઓ સાથે ચર્ચા વિચારણા કરી બિડર મા એક મહાશાળાની સ્થાપના કરી હતી. તેના અવસાન પછી બહમની સલ્તનતની એકતા અને સત્તા નષ્ટ થઈ અને ઇ.સ. 1527માં બહમની વંશનો અંત આવ્યો. 180 વર્ષની બહામ ની સલ્તનતના શાસકોનો ઈતિહાસ ઉજજ્વળ નથી. તે યુદ્ધધો , ખટપટો, હિન્દુ પ્રજા પરના અત્યાચારો વગેરેથી ભરેલો છે. ઉમરવો અત્યંત ઉડાઉ અને મોગવિલાસવાળા હતા. સામાનય જનસમૂદાયની હાલત કંગાળ હતી. આમ છતાં, કટલોક સુલતાનોએ સાહિત્ય , શિક્ષણ અને વિધ્યા ને ઉત્તેજન આપ્યું હતું. અને કિલ્લામાં તથા મહાલયો બનાવ્યા હતા,

જેમાં ગુલબર્ગની જામા મસ્જિદ વિખ્યાત છે. કેટલાક સુલતાનોને ખેડૂતોના કલ્યાણ માટે સિંચાઈ પદ્ધતિ અમલમાં મૂકી હતી. કુદરતી આફત સમયે કરવેરા માફ કરવા જેવા સારા કાર્યો પણ કેટલાકે કર્યા હતાં.

### 19. ટૂંક નોંધ લખો : બહમની સલ્તનતનું વિભાજન

- વજીર મહમુદ ગવાંના અવસાન બાદ બમની સલ્તનતની એકતા અને સત્તા નબળી પડવા લાગી. પછીના શાસકો નિર્બળ પુરવાર થયો, તેમનામાં ઉમરાવોને અંકુશમાં રાખવાની શક્તિ ન હતી. બામની સત્તા નિર્બળ થતાં શક્તિશાળી ઉમરાવોએ પોતાનાં સ્વતંત્ર રાજ્યો સ્થાપવાની પ્રવૃત્તિ શરૂ કરી. બહુ મનીવંશના છેલ્લા સુલતાન કલીમુલ્લાશાહે પોતાના વશની પુનઃસ્થાપના માટે બાબરની મદદ મેળવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો.
- ઈ. સ. 1527માં તેના અવસાનની સાથે જ બહમની સત્તાનો અંત આવ્યો. બર્મની સલ્તનતના અંત પછી દખણ ભારતમાં પાંચ જુદી જુદી સલ્તનતોની સ્થાપના થઈ. એમાંથી બિજાપુર, ગોવલકોંડા અને અહમદનગરની સલ્તનત છેક મુઘલયુગ સુધી હયાત હતી. વરાડની ઈમાદશાહી અહમદનગરના રાજ્યમાં અને બીડરની ખરીદશાહી બિજાપુરના રાજ્યમાં વિલીન થઈ ગઈ.
- 1. બિજાપુરની આદિલશાહી : તે પાંચેય સલ્તનતોમાં સૌથી અગત્યની સલ્તનત હતી. તેનો સ્થાપક યુસુફ આદિલશાહ હતો. તે શિયા સંપ્રદાયનો હતો. ઈ. સ. 1686માં મુઘલ શહેનશાહ ઔરંગઝેબે બિજાપુર રાજ્યને જીતીને મુઘલ સામ્રાજ્યમાં ભેળવી દીધું.
- 2. ગોવલકોડાની કુતુબશાહી : આ સલ્તનત પણ મહત્ત્વની હતી. ગોવલકોંડાની કુતુબશાહી વારંગલના હિન્દુ રાજ્યનાં ખંડિયેર પર ઊભી થઈ હતી. ગોવલકોંડામાં ર્તમ વંશની સ્થાપના થઈ, તેનો શાસનકાળ ખૂબ સમૃદ્ધ હતો, સુલતાનનું ખૂન થતાં મુઘલ શહેનશાહ ઔરંગઝેબે તેને ખાલસા કર્યું.
- 3. અહમદનગરની નિઝામશાહી : અહમદનગરની સ્વતંત્ર સલ્તનતનો સ્થાપક મલિક અહમદ હતો. તેણે દોલતાબાદનો કિલ્લો જીત્યો અને 'અહમદનગર' નામનું શહેર વસાવ્યું. તેણે હિન્દુ રાજાઓને પણ મદદ કરી હતી. તે મોજશોખમાં ડુબેલો રહેતો તેથી શાસનતંત્ર નબળું પડ્યું અને અહમદનગરની સલ્તનતને મુઘલ સામ્રાજ્યમાં ભેળવી દેવામાં આવી.
- 4. વરાડની ઈમાદશાહી : બહુમની સલ્તનતમાંથી સૌપ્રથમ વરાડ છૂટું પડ્યું હતું. તેનો સબો કૉડલ્લા ઈમાદશાહ મુળ હિન્દુ હતો. ઈસ્લામ ધર્મનો સ્વીકાર કર્યા પછી અને મહમુદ ગવાંના અવસાન બાદ ફેલાયેલી અવ્યવસ્થાનો લાભ લઈ તેણે વરાડમાં પોતાના નામ રાજ્યની સ્થાપના કરી હતી ઈ. સ. 1927માં મહંમદનગરના વરાડને ખાલસા કર્યું.
- 5. બીડરની બરીદશાહી : બહમની સલ્તનતનું કેન્દ્રસ્થાન બીડર હતું. અહી, બહમની સુલતાનો નામ પૂરતા જ શાસક હતા. અમીરઅલી અને તેનો પુત્ર અમીર હાસિમ એરીદ બીડરેમાં ભરીદશાહીના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. અંતે બિજાપુરની સલ્તનતે મીડરને ખાલસા કરી પોતાના રાજ્યમાં ભેળવી દીધું. આમ, બહમની સતનતના પતન પછી પ્રાંતીય સૂબાઓએ પોતપોતાની અલગ અલગ સત્તા સ્થાપી.